| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫–૦૪–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૫–૦૪–૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૨૫–૧૦–૨૦૨૩ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ – ૦૬ – ૧૦ |

**કડીના મે. એડી. સીનીયર સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,–કડી.**

**એચ.એમ.પી. નં.૧૪/૨૦૨૩**

આંક–૧૪

અરજદાર – ૧. પાયલ બળવંતગીરી ગોસ્વામીની દિકરી અને હર્ષદગીરી ગોસ્વામીની પત્ની,
રહે.ટી–૫, વર્ધમાન ફલેટ, અર્જુન ટાવર પાસે,
ભુયંગદેવ, ઘાટલોડીયા, અમદાવાદ.
૨. હર્ષદગીરી કાળુગીરી ગોસ્વામી, ઉ.વ.આ.૩૫,
રહે.સરસાવ, તા.કડી, જી.મહેસાણા.

વિરુદ્ધ

સામાવાળા – કોઇ નહી.

બાબત –હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(બી) હેઠળ સંમતિથી છુટાછેડા મેળવવા બાબત.

**************************************************************

અરજદારો તર્ફે વિદ્ધાન વકીલશ્રી પી.જી.વાઘેલા.
સામાવાળા તરફે કોઇ નહી.

**************************************************************

**– ઠ રા વ –**

(૧) અરજદારોની અરજીની ટૂંકમાં હકીકીત એવી છે કે, તેઓ બન્નેના કુટુંબીજનોની સંમતિથી અરજદારો બન્ને તા.૨૭–૮–૧૨ ના રોજ ચાંદલોડીયા, અમદાવાદ મુકામે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તેમજ જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન ગ્રંથિથી જોડાયેલા, તેમજ લગ્નની નોંધણી સીરીયલ નં.૨૮૧, વોલ્યુમ નં.૧ થી તા.૨૯–૯–૧૨ ના રોજ વોર્ડ–ચાંદલોડીયા, અમદાવાદ ખાતે કરાવેલ. સદર લગ્ન બાદ તેઓ અરજદાર નં.૧ અરજદાર નં.૨ ના ત્યાં પત્ની તરીકે સરસાવ, તા.કડી, જી.મહેસાણા મુકામે તેઓ અરજદારો વચ્ચે લગ્ન જીવન સારી રીતે ચાલે તેવી કોઇ શક્યતા ન હોવાથી તેમજ ભવિષ્યમાં તેઓ અરજદારો વચ્ચે મનમેળ થાય તેવી કોઇ શક્યતા ન હોઇ તેમજ તેઓ અરજદારો છેલ્લા બે વર્ષ ઉપરથી એકબીજાની રાજીખુશીથી અલગ રહેતા હતા અને ત્યારથી લગ્નના હક્કો ભોગવેલ નથી.

તેઓ અરજદારો વચ્ચે ભવિષ્યમાં લગ્ન જીવન સુખમય યાને લગ્ન જીવન સુધરે તેમ ન હોઇ તેમજ તેવા કોઇ સંજોગો ન હોઇ ભવિષ્યનો વિચાર કરી, અરજદારોનું લગ્ન જીવન સાથે રહી ચાલી શકે તેવી શક્યતાઓ રહેલ ન હોઇ તેઓ અરજદારોનું ભાવિ જીવન સુખમય અને શાંતિથી પસાર થાય તે હેતુથી તેમજ આ સમય દરમ્યાન સામાજીક વડીલો તેમજ કુટુંબના સભ્યોએ બન્નેને સમજાવવાના તેમજ મનમેળ કરાવવાના ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તમામ પ્રયત્નો વ્યર્થ નિવડ્યા, જેથી બન્ને અરજદારો વચ્ચે ફરીથી મનમેળ થવાની કોઇ શક્યતા નથી અને તેથી બન્ને અરજદારો પોતે અલગ થયા પછી શાંતિથી જીવન ગુજારી શકે તેવા હેતુથી છુટાછેડા લેવાનું નક્કી કરેલ છે, અને તેથી બન્ને અરજદારો એકબીજા સાથે રહી શકે તેમ ન હોઇ બન્ને અરજદારો તથા તેમના વડીલોએ સાથે રહી છુટાછેડા લેવાનું નક્કી કરેલ અને તેઓ અરજદારો વચ્ચે તેમના વાલીઓ અને કુટુંબીજનો તેમજ સગા–સંબંધીઓની હાજરીમાં કડી, તા.કડી મુકામે પરસ્પર સંમતિથી નોટરીશ્રી જે.એન.પટેલના ચોપડે સીરીયલ નં.૫૭૬, પેજ નં.૩૮, બુક નં.૧ થી તા.૧૦–૪–૨૩ ના રોજ સાક્ષીઓની હાજરીમાં છુટાછેડાનો લેખ કરેલ છે પરંતુ તેઓ અરજદારો વચ્ચે કાયદેસરની કોર્ટ રાહે ડીક્રી મેળવવાની ઘણી જરૂરીયાત હોઇ એકબીજાની સંમતિથી તેઓ અરજદારોએ હાલની છુટાછેડા મેળવવા હાલની અરજી કરેલ છે. તેઓ અરજદાર નં.૧ નાએ તેમના ભરણપોષણના તેમજ મિલક્તમાંથી પણ તમામ હક્કો સ્વેચ્છાએ જતા કરેલ છે તેથી તેઓ ભવિષ્યમાં અરજદાર નં.૨ પાસેથી ભરણપોષણની કોઇપણ જાતની રકમ કે ખાધા ખોરાકી માંગીશું નહી તેમજ તેઓ બન્ને અરજદારોએ તેઓ બન્નેની સંમતિથી લગ્ન જીવનનો છુટાછેડાનો લેખ તારીખથી અંત આણવાનું નક્કી કરેલ હોઇ મનફાવે તેમ બીજી જગ્યાએ પુનઃલગ્ન કરી શકશે અને તેમાં કોઇપણ પક્ષકારોએ વાંધો, વિરોધ લેશે નહી તેમજ તેઓએ તેમના લગ્નના પુનઃસ્થાપનના હકકો અંગે કોઇ કોર્ટ કચેરીમાં દાવા કરેલ નથી અને અગાઉ કરેલ હોય તો આ અરજીથી રદ બાતલ ગણાશે તેમજ તેઓ બન્ને અરજદારોને ભવિષ્યમાં છુટાછેડાના કામકાજ માટે કોઇપણ પક્ષકારને સહીની જરૂર પડે તો તેઓ બન્ને પક્ષકારો તે મુજબ સહી કરી આપવાની રહેશે. વધુમાં બન્ને અરજદારો વચ્ચે લગ્ન વખતે જે ચીજવસ્તુઓ કે દર–દાગીના કે કપડાલત્તા, રાચ–રચીલું વિગેરે જે લેવડ–દેવડ થયેલી છે તે બાબતે બન્ને અરજદારો વચ્ચે સમજુતી થઇ ગયેલ છે અને તેવી તમામ લેવડ–દેવડ પુરી થઇ ગયેલ હોઇ આવી કોઇ લેવડ–દેવડ અંગે કોઇ તકરાર રહેતી નથી તેવી ખાત્રી સાથે નક્કી થયા મુજબ છુટાછેડા લેવાનું નક્કી કરી તા.૧૦–૪–૨૩ ના રોજ છુટાછેડાનો લેખ અરજદારો વચ્ચે થયેલ છે. તેઓ બન્નેના લગ્ન જીવન દરમ્યાન તેઓ અરજદાર નં.૧ નાને અરજદાર નં.૨ નાથી એક પુત્ર પ્રાપ્ત થયેલ જે હાલ સાત વર્ષનો છે જે સગીર પુત્રની તમામ પ્રકારની સંપૂર્ણ જવાબદારી અરજદાર નં.૨ ની રહેલી છે અને તે સગીર પુત્રની કોઇપણ જાતની જવાબદારી અરજદાર નં.૧ ની રહેશે નહી કે

કોઇ હક્ક દાવો કરવાનો રહેશે નહી. તેઓ અરજદાર નં.૧ ના હાલમાં સગર્ભા અવસ્થાાં પણ નથી. આમ, બન્ને અરજદારો ઘણા સમયથી એકબીજા સાથે રહેતા ન હોઇ અને ફરીથી ભેગા રહીને સુખી થઇ શકે તેમ ન હોઇ બન્ને અરજદારોએ તેમની જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન વિચ્છેદ યાને છુટાછેડાનો રિવાજ હોઇ તેઓ અરજદારો લગ્ન વિચ્છેદનો યાને છુટાછેડાનો લેખ તા.૧૦–૪–૨૩ ના રોજ તેમની સ્વેચ્છાએ રાજીખુશીથી કરેલ છે અને કાયદેસરની ડીકરી મેળવવાની હોઇ હાલની અરજી કોઇપણ જાતના દાબ–દબાણ વગર બળજબરી સિવાય કે કોઇપણ લોભ–લાલચ સિવાય તેમની સંમતિથી કરેલ છે. અરજીના પેરા ૧૧ મુજબની દાદ મંજૂર કરવા જણાવેલ છે.

(૨) આ કામે પક્ષકારો તરફે તેઓની અરજીના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી આંક–૦૯ થી પરસ્પર સંમતિથી ફારગતી યાને છુટાછેડાનો લેખ, આંક–૧૦ થી મેરેજ સર્ટીફીકેટની ખરી નકલ તથા આંક–૧૧ અને ૧૨ થી અરજદાર નં.૧,૨ ના પાસપોર્ટની નકલ રજુ થયેલ છે.

(૩) પક્ષકારો તરફે હાલની અરજી રજુ થયા બાદ સદર અરજી મુજબ ન્યાય નિર્ણય થવા છ મહિનાનો સમય જરૂરી હોઇ સાંભળવા સારૂ રાખવામાં આવેલ, ત્યારબાદ નિયત સમય પુરો થયા બાદ અરજદાર નં.૧ પાયલ બળવંતગીરી ગોસ્વામીની દિકરી અને હર્ષદગીર ગોસ્વામીની પત્નીનાઓએ આંક–૦૬ થી તથા અરજદાર નં.૨. હર્ષદગીરી કાળુગીરી ગોસ્વામીનાઓએ આંક–૦૭ થી સોગંદનામું રજુ કરેલ છે. વધુમાં અરજદારોએ આંક–૧૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. પક્ષકારોના વિ.વ.શ્રીને સાંભળ્યાં.

(૪) પક્ષકારો તરફે તેઓની અરજીના સમર્થનમાં પરસ્પર સંમતિથી લગ્ન વિચ્છેદ યાને છુટાછેડાનો લેખ જે કડીના નોટરીશ્રી જે.એન.પટેલ દ્વારા રજી. સીરીયલ ૨૮૧ વોલ્યુમ નં.૧ થી તા.૨૯–૯–૧૨ ના રોજ વોર્ડ–ચાંદલોડીયા, અમદાવાદ ખાતે કરાવેલ છે જેની નકલ રજુ થયેલ છે. તેમજ અરજદાર નં.૧ પાયલ બળવંતગીરી ગોસ્વામીની દિકરી અને હર્ષદગીર ગોસ્વામીની પત્નીનાઓએ આંક–૦૬ થી તથા અરજદાર નં.૨. હર્ષદગીરી કાળુગીરી ગોસ્વામીનાઓએ આંક–૦૭ થી સોગંદનામું રજુ કરેલ છે. જેમાં અરજીની હકીકતોને સમર્થન કરેલ છે. વધુમાં પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ સોગંદનામા તથા અરજીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, અરજદારો વચ્ચે લગ્ન જીવન સારી રીતે ચાલે તેવી કોઇ શક્યતા ન હોવાથી તેમજ ભવિષ્યમાં તેઓ અરજદારો વચ્ચે મનમેળ થાય તેવી કોઇ શક્યતા ન હોઇ તેમજ તેઓ અરજદારો છેલ્લા બે વર્ષ ઉપરથી એકબીજાની રાજીખુશીથી અલગ રહેતા હતા ત્યારથી લગ્નના હક્કો ભોગવેલ નથી. તેઓ અરજદારો વચ્ચે ભવિષ્યમાં લગ્ન જીવન સુખમય યાને લગ્ન જીવન સુધરે તેમ ન હોઇ તેમજ તેવા કોઇ સંજોગો ન હોઇ

ભવિષ્યનો વિચાર કરી, અરજદારોનું લગ્ન જીવન સાથે રહી ચાલી શકે તેવી શક્યતાઓ રહેલ ન હોઇ તેઓ અરજદારોનું ભાવિ જીવન સુખમય અને શાંતિથી પસાર થાય તે હેતુથી તેમજ આ સમય દરમ્યાન સામાજીક વડીલો તેમજ કુટુંબના સભ્યોએ બન્નેને સમજાવવાના તેમજ મનમેળ કરાવવાના ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તમામ પ્રયત્નો વ્યર્થ નિવડ્યા જેથી તેઓ બન્ને અરજદારો વચ્ચે ફરીથી મનમેળ થવાની કોઇ શક્યતા નથી અને તેથી બન્ને અરજદારો પોતે અલગ થયા પછી શાંતિથી જીવન ગુજારી શકે તેવા હેતુથી છુટાછેડા લેવાનું નક્કી કરેલ છે અને બન્ને અરજદારો એકબીજા સાથે રહી શકે તેમ ન હોઇ બન્ને અરજદારો તથા તેમના વડીલોએ સાથે રહી છુટાછેડા લેવાનું નક્કી કરેલ અને તેઓ અરજદારો વચ્ચે તેમના વાલીઓ અને કુટુંબીજનો તેમજ સગા–સંબંધીઓની હાજરીમાં કડી, તા.કડી મુકામે પરસ્પર સંમતિથી નોટરીશ્રી જે.એન.પટેલના ચોપડે સીરીયલ નં.૫૭૬, પેજ નં.૩૮, બુક નં.૧ થી તા.૧૦–૪–૨૩ ના રોજ સાક્ષીઓની હાજરીમાં છુટાછેડાનો લેખ કરેલ છે, પરંતુ અરજદારો વચ્ચે કાયદેસરની કોર્ટ રાહે ડીક્રી મેળવવાની ઘણી જરૂરીયાત હોઇ એકબીજાની સંમતિથી અરજદારોએ હાલની છુટાછેડા મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર નં.૧ નાએ તેમના ભરણપોષણના તેમજ મિલક્તમાંથી પણ તમામ હક્કો સ્વેચ્છાએ જતા કરેલ છે તેથી તેઓ ભવિષ્યમાં અરજદાર નં.૨ પાસેથી ભરણપોષણની કોઇપણ જાતની રકમ કે ખાધા ખોરાકી માંગીશું નહી તેમજ બન્ને અરજદારોએ બન્નેની સંમતિથી લગ્ન જીવનનો છુટાછેડાનો લેખ તારીખથી અંત આણવાનું નક્કી કરેલ હોઇ મનફાવે તેમ બીજી જગ્યાએ પુનઃલગ્ન કરી શકશે અને તેમાં કોઇપણ પક્ષકારોએ વાંધો, વિરોધ લેશે નહી તેમજ તેઓએ તેમના લગ્નના પુનઃસ્થાપનના હકકો અંગે કોઇ કોર્ટ કચેરીમાં દાવા કરેલ નથી. વધુમાં બન્ને અરજદારો વચ્ચે લગ્ન વખતે જે ચીજવસ્તુઓ કે દર–દાગીના કે કપડાલત્તા, રાચ–રચીલું વિગેરે જે લેવડ–દેવડ થયેલી છે તે બાબતે બન્ને અરજદારો વચ્ચે સમજુતી થઇ ગયેલ છે અને તેવી તમામ લેવડ–દેવડ પુરી થઇ ગયેલ હોઇ આવી કોઇ લેવડ–દેવડ અંગે કોઇ તકરાર રહેતી નથી, તેવી ખાત્રી સાથે નક્કી થયા મુજબ છુટાછેડા લેવાનું નક્કી કરી તા.૧૦–૪–૨૩ ના રોજ છુટાછેડાનો લેખ અરજદારો વચ્ચે થયેલ છે. બન્નેના લગ્ન જીવન દરમ્યાન તેઓ અરજદાર નં.૧ નાને અરજદાર નં.૨ નાથી એક પુત્ર પ્રાપ્ત થયેલ જે હાલ સાત વર્ષનો છે જે સગીર પુત્રની તમામ પ્રકારની સંપૂર્ણ જવાબદારી અરજદાર નં.૨ ની રહેલી છે અને તે સગીર પુત્રની કોઇપણ જાતની જવાબદારી અરજદાર નં.૧ ની રહેશે નહી કે કોઇ હક્ક દાવો કરવાનો રહેશે નહી. તેઓ અરજદાર નં.૧ ના હાલમાં સગર્ભા અવસ્થાાં પણ નથી. આમ, બન્ને અરજદારો ઘણા સમયથી એકબીજા સાથે રહેતા ન હોઇ અને ફરીથી ભેગા રહીને સુખી થઇ શકે તેમ ન હોઇ બન્ને અરજદારોએ તેમની જ્ઞાતિના રીત રિવાજ મુજબ લગ્ન વિચ્છેદ યાને છુટાછેડાનો રિવાજ હોઇ તેઓ અરજદારો લગ્ન વિચ્છેદનો યાને છુટાછેડાનો લેખ તા.૧૦–૪–૨૩ ના રોજ

તેમની સ્વેચ્છાએ રાજીખુશીથી કરેલ છે. આમ, રજુ પુરાવો જોતાં પક્ષકારો વચ્ચેના લગ્ન જીવનનો અંત આવેલાનું અને પક્ષકારો છેલ્લા આશરે બે વર્ષ ઉપરથી એકબીજાથી અલગ અલગ રહેતા હોવાનું અને બન્ને વચ્ચે કોઇ જ સંબંધ ન હોવાનું આ અદાલતનું માનવું છે. અરજદારોએ હાલની અરજી કર્યા પછી એકબીજાની સાથે રહેલ હોય તેવું પણ રજુ પુરાવા ઉપરથી ફલિત થતું નથી. વધુમાં પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ છુટાછેડાનો લેખ કોઇના પણ દાબ–દબાણ હેઠળ કરેલ હોય તેવી કોઈ હકીકત કોઈપણ પક્ષકારે આજદિન સુધી રજુ કરેલ નથી કે છુટાછેડાનો લેખ ખોટો હોવા અંગે પણ પક્ષકારો તરફે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, અરજદારોની સોગંદનામા ઉપરની જુબાની તથા રજુ કરવામાં આવેલ છુટાછેડાનો લેખ ધ્યાને લેવામાં આવેલ છે, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**|| હુ ક મ ||**

– અરજદારો તરફે કરવામાં આવેલ હિન્દુ મેરેજ એકટ ૧૯૫૫ ની કલમ ૧૩(બી) મુજબની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

– અરજદાર નં.૧ પાયલ બળવંતગીરી ગોસ્વામીની દિકરી અને હર્ષદગીરી ગોસ્વામીની પત્ની તથા અરજદાર નં.૨. હર્ષદગીરી કાળુગીરી ગોસ્વામીની વચ્ચે તા.૨૭–૦૮–૨૦૧૨ ના રોજ થયેલ લગ્ન હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩(બી) મુજબ પરસ્પર એકબીજાની સંમતિથી લગ્ન–વિચ્છેદ જાહેર કરવામાં આવે છે.

– ખર્ચ સંબંધી કોઇ હુકમ કરવામાં આવતો નથી.

– હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૨૫મી, માહે ઓક્ટોબર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૫–૧૦–૨૦૨૩
સ્થળ – કડી.

(જયેશ એ. દવે)
એડી.સિનિયર સિવિલ જજ, કડી.
[કોડ નં. જી.જે.–૦૦૭૧૨]